દિવ્ય ભાસ્કર

# દહેગામ તાલુકામાં એકતા રથયાત્રાને ભવ્ય આવકાર મળ્યો



રખિયાલ ગામ ખાતેથી સરદાર વલ્લભભાઈને ભાવાંજલિ આપવા માટેની એકતા રથયાત્રાનો આરંભ કરવામાં આવ્યો હતો. આ રથ દહેગામ તાલુકાના વિવિધ ગામોમાં ફરી રહ્યો છે. તા. ૨૨મી ઓકટોબર સુધીમાં આ રથ દહેગામ તાલુકાના ૩૦ ગામોની મુલાકાત લીધી હતી . રથ દહેગામ તાલુકાના અમરાજીના મુવાડા, વાસણાસોગઠી, શિયાવાડા, અરજણજીના મુવાડા, મોતીપુરા, મહુડીયા, નજુપુરા, સાંબેલા, મોટી પોવઠી, દેવ. મુવાડા ગામમાં ફર્યો હતો. દરેક ગામમાં રથને ગ્રામજનો દ્વારા ઉત્સાહ પૂર્વક આવકારવામાં આવ્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને ગ્રામજનો ફૂલહાર કર્યા હતા. ગ્રામજનો પણ રથને જોવા ઉમટી પડ્યા હતા.